***<u>મે. જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં, મુ. તળાજા.</u>***

**<u>સમરી નં.–૬/૨૦૨૬.</u>**

**<u>–: હુકમ :–</u>**

(૧) સદર સમરી અત્રેની અદાલત સમક્ષ અલંગ પો.સ્ટે. ખાતે નોંધાયેલ એફ.આઇ.આર. નં.–૬૯/૨૦૦૫ અન્વયે નોંધાયેલ બી.એન.એસ. કલમ–૩૫૧(૪), ૫૪ તથા ૩૫૨ મુજબના ગુના હેઠળ ફરીયાદી, અરવિંદભાઇ ભુપતભાઇ વેગડનાઓની ફરીયાદ અન્વયે તપાસ થઇ, અત્રેની અદાલત સમક્ષ દાખલ થયેલ છે.

(૨) સદર સમરીની સંક્ષેપમાં વિગત એવી છે કે,''ફરીયાદીએ તા.૨૪/૩/૨૦૨૫ના રોજ ફરીયાદ કરેલ છે કે, આ કામના આરોપીએ ફરીયાદી તથા સાહેદ ઘુઘાભાઇને ફોનમાં અપશબ્દો બોલી, ગાળો બોલી, જાનથી મારી નાંખવાની ધમકી આપેલ, તે મુજબની ફરીયાદ રજિ. કરાવેલ. આ કામે દાખલ થયેલ ગુનાની તપાસ દરમ્યાન ફરીયાદીની ફરીયાદમાં જણાવેલ જાનથી મારી નાંખવાની ગુનાહિત ધમકીને સમર્થન આપતા કોઇ પુરાવા મળેલ ન હોઇ, ફરીયાદીને આરોપીઓ સાથે ફકત અપશબ્દો તથા બોલાચાલી થયેલ હોઇ, આ સિવાયના આરોપી ઉપર કરાયેલા આક્ષેપોને લગતા કોઇ પુરાવા ન હોઇ, ફરીયાદીએ પોતાને તથા સાહેદને મોબાઇલ ફોનમાં જાનથી મારી નાંખવાની ધમકી આપેલાની વાત કરેલ હોવાની હકીકતને પોતાના વિશેષ નિવેદનમાં ધ્યાનથી કોલ–રેકોર્ડિંગ સાંભળતા, કોઇ ગુનાહિત ધમકી આપેલ ન હોવાનું કબૂલ કરેલ હોય જેથી, આ કામે ગુનો ફકત બી.એન.એસ. કલમ–૫૪, ૩૫૨ મુજબનો બનતો હોવાથી જે બન્ને કલમ મુજબનો ગુનો પોલીસ અધિકાર બહારનો હોઇ, સદરહું ગુનાના કામે વર્ગ–''એન.સી.'' સમરી માંગવામાં આવેલ છે. જેથી, આ કામે વર્ગ–''એન.સી.'' સમરી મંજુર થવા સારૂ આ કામે થયેલ તપાસના કાગળો ફેરીસ્ત મુજબના આંક–૧ થી ૧૨ સુધીના બી.એન.એસ. કલમ–૩૫૧(૪)

પૂરતી વર્ગ–''એન.સી.એફ.'' સમરી મંજુર થવા સારૂ મદદનીશ પો.અધિ. શ્રી–મહુવા મારફત આ તરફ મોકલેલ છે તો, માંગણી મુજબની સમરી મંજુર થઇ આવવા વિનંતી છે.''

(૩) હાલના કામે રેકર્ડ વંચાણે લેતા, એ હકીકત ફલિત થાય છે કે, બી.એન.એસ.ની કલમ–૩૫૨ અન્વયે ગુનો બની આવેલ છે જ્યારે, ફરીયાદ દાખલ થયેલ ત્યારે, ફરીયાદીએ તેમને જાનથી મારી નાંખવાની ધમકી મળેલ હોવાની ફરીયાદ કરેલ, પરંતુ પછીથી તમામ સાહેદોએ આરોપીએ ફરીયાદીને જાનથી મારી નાંખવાની ધમકી આપેલ નથી તેવુ નિવેદનમાં જણાવેલ છે. અત્રેની અદાલતનું એ સ્પષ્ટપણે માનવુ છે કે, અગર કોઇ નોન–કોગ્નીઝેબલ ગુનો તપાસ દરમ્યાન મળી આવે છે તો, તેની યોગ્ય કાર્યવાહી બી.એન.એસ. એસ.ની કલમ–૧૭૪(૨) પ્રમાણે ત.ક.અ.શ્રીએ તપાસ કરતા પહેલા, મેજિસ્ટ્રેટની પરવાનગી લેવાની હોય છે, નહીં કે સમરી ભરવાની હોય. જેથી, હાલની સમરી લગત નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

## –: હુકમ :–

૧. સદર સમરી **નામંજુર** કરવામાં આવે છે.

૨. ત.ક.અ.ને નોન–કોગ્નીઝેબલ ઓફેન્સ બી.એન.એસ.ની કલમ–૩૫૨ તથા ૫૪ બાબતે ગુનો બનતો હોવાનો રીપોર્ટ કરેલ છે જેથી, તે આ કેસ સબબ બી.એન.એસ.એસ.ની કલમ–૧૭૪(૨) પ્રમાણે સદર કેસની તપાસ કરવાનો હુકમ કરવામાં આવે છે.

3. હાલના કામે દિન–૩૦માં તપાસ પુર્ણ કરી, તેનો યોગ્ય રીપોર્ટ અત્રેની અદાલત સમક્ષ કરવો.

હુકમ આજ તારીખ–૨, માહે–જુલાઇ, સને–૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી, જાહેર કર્યો.

સ્થળ :–તળાજા.

**(કુ. મૃણાલી જિગીશકુમાર કિકાણી)**
જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ–તળાજા.
(કોડ નં.–જી.જે.૦૧૫૪૯).

એચ.બી.જોષી.